# આ પુસ્તક વિશે થોડુંક...

પ્રિય વાચક,

તમે આ મુલાકાત સંગ્રહ હાથમાં લીધો છે એનો અર્થ એ છે કે તમને આપણી ભાષામાં, એમાં છપાતાં અખબારોમાં, એ અખબારોમાં છપાતા સમાચારોમાં અને લેખોમાં, એ સમાચારો આપતા પત્રકારોમાં અને પત્રકારત્વના ક્ષેત્રમાં રસ છે. એનો અર્થ એ પણ થાય છે કે સમાજમાં અને લોકશાહી રાજ્યવ્યવસ્થામાં અખબારો જે ભૂમિકા ભજવે છે એમાં તમને રસ છે અને એ બાબતે તમે સજાગ તેમજ સતર્ક છો. આ માટે તમે અભિનંદનને પાત્ર છો.

આ વાર્તાલાપો કરવાનું બીજ ૨૦૨૧-૨૦૨૨માં ગુજરાતી અખબારી પત્રકારત્વના દ્વિશતાબ્દી વર્ષ દરમ્યાન નંખાયું. ભારતની કોઈ પ્રાદેશિક ભાષાનું અખબારી પત્રકારત્વ ૨૦૦ વર્ષ પૂરાં કરે એ ઘટના આવી રહેલા સમયમાં ઇતિહાસના પાને આલેખાશે. તો આ ઐતિહાસિક સમયગાળાનો અને એ દરમ્યાન કાર્યરત પત્રકારો શું અનુભવે છે અને કેવી રીતે કામ કરે છે એનો એક દસ્તાવેજ કેમ તૈયાર ન કરવો? બસ, અહીંથી શરૂ થયો આ પ્રકલ્પ. એનો કેટલો વિસ્તાર કરવો અને ક્યાં એની સીમા બાંધવી એ નિર્ણય કરવાનું કામ સૌથી કપરું હતું. ધીમેધીમે એનો આકાર બંધાતો ગયો અને આખરે ત્રણ-ચાર વર્ષની મજલ પછી ગુજરાતી અખબારી પત્રકારત્વના પ્રતિનિધિ કહેવાય એવા સંવાદોનું આ પુસ્તક તૈયાર થયું. જેમની સાથે વાર્તાલાપો કરવાનું ધાર્યું હતું તે પૈકી ઘણાખરા વાર્તાલાપો થઈ શક્યા, અલગ અલગ કારણસર કેટલાક વાર્તાલાપો ન થવા પામ્યા. પણ પુસ્તકનો પીંડ બંધાતો ગયો એમ એ વિશ્વાસ બેઠો કે આ સમયગાળાના પત્રકારત્વનું સ્પષ્ટ ચિત્ર રજૂ કરે એટલું સમાવેશક આ કામ થયું છે.

આ પુસ્તકમાં ગાંધીયુગીન પત્રકારત્વના અભ્યાસુ અને એ ધરોહર પર ચાલનાર પત્રકારો છે તો સાથે એવા નવયુવાન પત્રકારો છે જેમણે એ યુગને માત્ર પુસ્તકના પાને વાંચ્યો છે. અહીં સક્રિય પત્રકારત્વમાં ન હોય છતાં પત્રકારત્વના શિક્ષણ ક્ષેત્રે કાર્યરત અને એ રીતે આવતીકાલના પત્રકારત્વનું ઘડતર કરતાં હોય એવાં વ્યક્તિત્વો પણ છે. અહીં મહિલા પત્રકારોના પ્રશ્નોની ચર્ચા કરતી મહિલાઓ છે. પત્રકારત્વ ક્ષેત્રે સફળ કારકિર્દી રચવા ઇચ્છુક હોય એમને સફળતાની ચાવી મળી રહે એવું રસાયણ પણ અહીંથી કદાચ મળી રહે. અહીં રિપોર્ટિંગના સનસનીભર્યા

અનુભવોની કથાઓ પણ છે. રોચક લાગે એવાં આ ક્ષેત્રનાં કેટલાંક રહસ્યો અને એની અજાણી હકીકતો પરનો પડદો પત્રકારો સ્વયં અહીં ઉઘાડે છે.

દરેક હુન્નરની જેમ જ પત્રકારત્વ ક્ષેત્રે સમય સાથે અનેક પરિવર્તનો આવ્યાં છે. એ પરિવર્તનોમાં ટેક્નોલોજીની હરણફાળનો ફાળો મોટો છે. વાંચનના પ્રકારો બદલાયા છે. પત્રકારત્વના અનેક પ્રકારો વિકસ્યા છે અને એકથી વધુ પ્રકારના પત્રકારત્વમાં કાર્યરત એવા પત્રકારો હવે આપણી પાસે છે. વળી ગુજરાતમાં પત્રકારત્વનું વિધિવત્ શિક્ષણ આપતી સંસ્થાઓનો ઉદભવ અને વિકાસ થયો એ પણ નોંધપાત્ર ઘટના છે.

સબળ સમાચાર માધ્યમો લોકશાહીનો પાયો છે, તેથી જ એને અંગ્રેજીમાં લોકશાહીની 'ફોર્થ એસ્ટેટ' અને ગુજરાતીમાં 'ચોથી જાગીર' કહી છે. ભારતમાં તેમજ વિશ્વના કેટલાક દેશોમાં સમાચાર માધ્યમોની સ્વતંત્રતા સામે અનેક પડકારો સમયાંતરે ખડા થયા છે, જેની ગવાહી ઇતિહાસ પૂરે છે. ગુજરાતી ભાષાનાં અખબારોમાં કામ કરતા ચોથી જાગીરના જાણતલ, આ સંદર્ભે શું અનુભવે છે અને શું વિચારે છે? એમનું કર્તૃત્વ આ સંદર્ભે કેવું રહ્યું છે? આ બાબતો તપાસવાનો પણ આ એક પ્રયત્ન છે.

અહીં તમારી સમક્ષ મૂકેલા લગભગ બધા જ વાર્તાલાપો ટેલિફોન દ્વારા રેકૉર્ડ થયા છે. એ કાર્ય કરતાં કરતાં દેખાયું કે અખબારી પત્રકારત્વની બસ્સો વર્ષની યાત્રાના પરિપાક રૂપ ગુજરાતી ભાષા પાસે કંઈકેટલા ઊર્જાવાન, નિષ્ઠાવાન અને પ્રતિભાશાળી પત્રકારો છે. એ બધા પૈકીના કેટલાક જ અહીં રજૂ થવા પામ્યા છે. જે પત્રકારોએ મારી સાથે સહજતાથી વાર્તાલાપો કર્યા અને જેમના થકી આ પુસ્તકને નક્કર સ્વરૂપ મળ્યું એ સૌનો ઋણસ્વીકાર કરું છું. જેમની સાથે વાર્તાલાપો ન થઈ શક્યા એ સૌ પત્રકારોને એમના કર્તૃત્વ બદલ સલામ!

આ પુસ્તક તમારા સુધી પહોંચે એ માટે એના પ્રકાશનકાર્યમાં ઉત્સાહથી સહકાર આપનાર 'ઝેન ઓપસ' પ્રકાશનના કિરણ ઠાકર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

અંતે, પ્રિય વાચક, 'ચોથી જાગીરના જાણતલ'ને મળવા તમે આવ્યા છો એનો આનંદ છે, તમને અહીં આદરપૂર્વક આવકારું છું.

૫ જૂન, ૨૦૨૫ **– આરાધના ભટ્ટ**

# અમિત દવે



ફોટોગ્રાફી એક કળા છે, એમાં ટેક્નોલોજી ભળે છે. તસવીરો કળાકૃતિ ઉપરાંત પ્રત્યાયનનું સાધન પણ બને છે. એવું કહેવાયું છે કે એક તસવીર એક હજાર શબ્દોનું કામ કરે છે. ફોટોગ્રાફીનો ઉપયોગ જ્યારે પત્રકારત્વના હેતુ માટે થાય ત્યારે એ કળા પત્રકારત્વની એક શાખા બને છે, જેને ફોટો-જર્નાલિઝમ તરીકે હવે આપણે ઓળખીએ છીએ. ગુજરાતી અખબારી પત્રકારત્વ જ્યારે એની દ્વિશતાબ્દી ઊજવી રહ્યું હતું ત્યારે પત્રકારત્વમાં પ્રતિષ્ઠિત ગણાતું ‘પુલિત્ઝર પ્રાઇઝ ફોર ફોટોગ્રાફી’ અમદાવાદના ફોટોજર્નાલિસ્ટ અમિત દવેને એનાયત થયું. અમિત દવે રોઇટર્સની ચાર પત્રકારોની ટીમ પૈકીના એક છે જેમને ભારતની કોરોના મહામારીના વિકટ સમયની ફોટોગ્રાફી બદલ આ ઇનામ પ્રાપ્ત થયું. ભારતમાં ડેલ્ટા વાયરસની કટોકટી દરમ્યાન હોસ્પિટલો, રસીકરણ અભિયાન, સ્મશાનભૂમિ જેવાં સ્થળોએ સર્જાયેલી દારુણ, હૃદય હચમચાવનારી ક્ષણોને એમણે એમના કેમેરામાં ઝડપી. અમિત દવે રોઇટર્સમાં પચીસેક વર્ષથી કાર્યરત રહ્યા એ પૂર્વે એમણે ગુજરાતનાં અખબારોમાં પણ કામ કર્યું.

અમિત દવે

- ***સન્માન બદલ અભિનંદન. પુલિત્ઝર સન્માન એ વિશ્વનું ખૂબ આદરપાત્ર સન્માન છે. એ મળતાં તમને કેવી લાગણી થઈ?***

મને ગુજરાતી હોવાનું ખૂબ જ ગૌરવ છે. એટલે આ ઇનામ એ બધા ગુજરાતીઓ માટે આદર અને સન્માનની વાત છે. પુલિત્ઝર પ્રાઇઝ લગભગ ત્રીસ જુદીજુદી કેટેગરીમાં અપાતું હોય છે. એમાં ફોટોગ્રાફીમાં બે કેટેગરી છે- એક ફીચર કેટેગરી અને બીજી સ્પોટ-ન્યૂઝ કેટેગરી. એમાં અમને ફીચર કેટેગરીમાં ઍવોર્ડ મળ્યો. ભારતમાં કોવિડ મહામારીની જે પરિસ્થિતિ હતી એના ફોટોગ્રાફ માટે એ ઍવોર્ડ મળ્યો.

- ***કોવિડના સમયમાં તમે તમારા ફોટામાં જે ક્ષણો કેદ કરી છે એના વિશે અમને કંઈ કહો. તમે શું જોયું અને શું અનુભવ્યું?***

પહેલાં તો હું એમ કહું કે ભગવાન આવી તકલીફો કોઈને ન આપે અને આવી મહામારીઓ ન આવે, કારણ કે લોકોનાં જે દુઃખ-દર્દ જોયાં અને જોયું કે માણસ પાસે બધું જ હોવા છતાં માણસ સાવ લાચાર હતા. લોકો ખૂબ પ્રયત્નો કરતા હતા પણ એમની મર્યાદાઓ આવી જાય. પણ મને એ વાતનો આનંદ છે કે આ કવરેજ કરતાં કરતાં અમે લોકોને સાચી અને સચોટ માહિતી આપી શક્યા અને સાથે લોકોને મદદ પણ કરી શક્યા. દાખલા તરીકે કોઈ પાસે ઓક્સિજનનો ખાલી બાટલો હોય અને એને રિફીલ કરાવવો હોય અને મારી પાસે માહિતી હોય તો હું એમને કહી શકતો હતો કે અમુક જગ્યાએ જાવ તો ત્યાં એ તમને મળી શકશે. ક્યારેક હોસ્પિટલો આગળ દર્દીઓ લાંબી કતારમાં ઊભા હોય ત્યારે કોઈ દર્દીની હાલત ગંભીર હોય તો અંદર જઈને ડૉક્ટરને અમે કહેતા કે આ દર્દીની હાલત ખરાબ છે, તમે એમને જલ્દી જુઓ. ત્યારે એ વાતનો આનંદ થાય કે આપણે કંઈ ઉપયોગી કામ પણ કરી શકીએ છીએ.

- ***અમિતભાઈ, એક ફોટોગ્રાફર કોઈ એક ક્ષણને જુએ અને કોઈ સામાન્ય માણસ એ ક્ષણ જુએ અથવા અનુભવે એમાં ફરક હોય છે. તમે પાડેલા ફોટાની વાત કરું તો ઈંટની ભઠ્ઠીમાં કામ કરતી મહિલાની તસવીર- એ ક્ષણને કદાચ બીજા કોઈએ જોઈ હોય તો એના પર એ ક્ષણની એટલી અસર ન થઈ હોત. એ ક્ષણની તમારી તસવીરને ઍવોર્ડ મળ્યો. એ સિવાય ઓક્સિજન સિલિન્ડરવાળો જે ફોટો છે, માસ્ક ઉતારતો પેલો***

***હેલ્થકેર કર્મચારી છે એનો પણ એક ફોટો છે. આ તો માત્ર ઉદાહરણો છે, તમે તો આવા અસંખ્ય ફોટા પાડ્યા છે. દરેક ફોટામાં એક આખી કથા સમાઈ જતી હોય છે.***

મારો એક ફોટોગ્રાફ છે જેમાં એક હેલ્થ-વર્કર જે કોવિડનું ટેસ્ટિંગ કરતા હતા, તો હું એમની પાછળ ઘણો સમય ઊભો રહ્યો અને હું જોઈ રહ્યો હતો કે એ ઉનાળાની સખત ગરમી, અમદાવાદમાં ત્યારે ખૂબ ગરમી પડતી હતી, એપ્રિલ મહિનો હતો અને કોવિડ ટેસ્ટ માટે લાઇનો લાગી હોય ત્યારે પોતાની જાતને સાચવવા માટે હેલ્થ વર્કર પોતે પ્રોટેક્ટિવ ગિયર પહેરતા હતા. હવે એમના એ ચશ્માંની આજુબાજુ એટલો બધો પરસેવો થાય. તો મેં એમાં જોયું કે એ બહેન ઝીણી આંખ કરીને જોઈ રહ્યાં હતાં અને આજુબાજુ પરસેવાનાં બિંદુઓ ખૂબ જામેલાં હતાં. ત્યારે મને થયું કે આ બહેન કેટલી નિષ્ઠાપૂર્વક સતત મહેનત કરી રહ્યાં છે. તે જ રીતે એ માસ્કવાળો ફોટોગ્રાફ છે જેમાં એ લોકો ડબલ માસ્ક પહેરી રહ્યા હતા, કારણ કે એ ઝૂંપડપટ્ટીના વિસ્તારમાં કોરોના ખૂબ ફેલાયો હતો. એ હેલ્થ વર્કરે એન-૯૫ માસ્ક પહેરેલો અને એમાંથી જે પસીનો નીતરી રહ્યો હતો અને એ પસીનો એના માસ્કમાં ભરાઈ જતો હતો અને એ શ્વાસ લે ત્યારે એના નાકમાં જતો હતો. એને બહુ તકલીફ થઈ રહી હતી અને એ બાજુમાં જઈને એ પરસેવો સાફ કરી રહ્યો હતો. ત્યારે મને થયું કે આ લોકો જે કામ કરે છે એ ખરેખર સન્માનનીય છે. આ જોવું એ ફોટોગ્રાફર માટે બહુ જરૂરી છે. અને બીજું તમે જે પૂછ્યું મને પુલિત્ઝર પ્રાઇઝ જે ફોટા માટે મળ્યું એમાં એ લોકો ટેસ્ટિંગ કરવા માટે અને વેક્સિનેશન કરવા માટે બધી જગ્યાએ જતા હતા ત્યારે ઈંટના ભઠ્ઠામાં પણ જતા હતા અને દરેક વ્યક્તિનું ટેમ્પરેચર પણ ચેક કરતા હતા. ત્યાં એ લોકો એક ઉપર એક ઈંટો મૂકીને કાચી ઓરડી જેવું બનાવી દે અને ઉપર પ્લાસ્ટિક ઢાંકીને છાપરું કરે. હવે એમાં આ મહિલા રાજસ્થાની હતાં એટલે એ કહે કે અમે ઘૂંઘટ ખોલીએ નહીં અને કોઈ પુરુષ અંદર ન આવી શકે વગેરે. એટલે હેલ્થ વર્કર એમની સાથે વાત કરી રહ્યા હતા. હું એ જોતો હતો અને સાથે એનું વીડિયો શૂટિંગ પણ કરતો હતો, કારણ કે હું મલ્ટિ-મીડિયા પેકેજ બનાવી રહ્યો હતો. પેલાએ કહ્યું કે હું ટેસ્ટિંગ કરી લઉં. મેં બાજુએથી જોયું તો ત્યાં એક નાની બારી જેવો ગોખલો હતો તો એમાં મેં કેમેરા નાંખીને આ ફોટોગ્રાફ શૂટ કર્યો.

- ***આ સમયગાળામાં ફોટા પાડતાં પાડતાં તમે જીવન-મૃત્યુના ખેલ જોયા, ઘણાને માટે આ સમય એવો હતો જેણે એમની આખી જીવનદષ્ટિ બદલી નાંખી. તમે શું અનુભવ્યું?***

ફરી વાર એ જ કહું કે આવી મહામારી ફરી ન આવે. બીજું એ કે લોકો જે રીતે ગભરાઈ જતા હતા અને પેનિક કરતા હતા એ પણ ખોટું હતું. જીવન-મૃત્યુ તો છે જ, પણ એ વખતે માણસ બીજા માણસથી દૂર થઈ ગયો હતો. મેં એવાં દશ્યો પણ જોયાં જ્યાં કોઈ પરિવારમાં એમનું સ્વજન કોવિડથી મૃત્યુ પામ્યું હતું ત્યાં એ લોકો હેલ્થ વર્કરને એમ કહેતાં હતાં કે ઘરની એક પણ વ્યક્તિ એમના અંતિમસંસ્કાર માટે નહીં આવે, તમે જ 'બધું પતાવી દો'. ત્યારે એમ થયું કે માનવીય અભિગમ કે વ્યક્તિના અંતિમ ધામ સુધી એને પહોંચાડવા માટે સગાં-વહાલાં કે ઘરના લોકો ન જઈ શકે, ત્યારે એ જોઈને બહુ દુઃખ થતું હતું.

- ***હવે આપણે થોડી વાત તમારી કારકિર્દી વિશે કરીએ. ગુજરાતીઓ ફોટા પાડવાના વ્યવસાયને વ્યવસાય નથી ગણતા. તમે એના તરફ કઈ રીતે વળ્યા?***

મારા પિતા એક કેમેરા કલેક્ટર છે. એ વર્ષોથી જુદીજુદી જાતના કેમેરા અને એવું બધું કલેક્ટ કરે છે. એટલે મને એ બધું જોવાની જિજ્ઞાસા થતી. હું નાનો હતો અને ઘરમાં કોઈ હોય નહીં ત્યારે આપણે ઘરના રાજા હોઈએ એટલે ધીમે રહીને પપ્પાના કેમેરા કાઢીએ અને જોઈએ, કંઈ આડુંઅવળું કરીએ. એમાં મેં એક વખત એવું પણ કરેલું કે, ફિલ્મવાળા કેમેરાનો એ જમાનો હતો, અને મેં અંદર શું છે એ જોવા ઢાંકણું ખોલ્યું હોય અને આખી ફિલ્મ નકામી થઈ ગઈ હતી. હું એ વખતે નાનો એટલે મને ખ્યાલ નહીં કે આમ કેમેરાનું ઢાંકણું ખોલી નાંખીએ એટલે આખી ફિલ્મ નકામી થઈ જાય. પપ્પા આવે અને જુએ એટલે એમને ખબર પડી જાય કે આને કોઈ અડ્યું છે. એટલે નાનપણથી મને ફોટોગ્રાફીમાં રસ પડતો. પછી ધીમેધીમે પત્રકારત્વમાં પ્રવેશ કર્યો. પહેલાં ગુજરાતી મેગેઝિનોમાં, સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ હતો એના મેં ફોટા પાડેલા અને એ છપાયા. પણ એ વખતે એમાં મળતર ખૂબ જ ઓછું હતું. પછી ધીમેધીમે અખબારોમાં જોડાયો, 'ઇન્ડિયન એક્સપ્રેસ' ગ્રૂપમાં 'ફાઇનાન્સિયલ ટાઇમ્સ'માં કામ કર્યું. ત્યારપછી પ્રેસ ટ્રસ્ટ ઓફ

ઇન્ડિયા અને પછી ૨૦૦૨થી હું રોઇટર્સ સાથે સંકળાયેલો છું. પણ મારી શરૂઆત હતી એ વખતે અભિગમ જુદો હતો. ત્યારે ફોટો જર્નાલિસ્ટનું કામ એ ફોટા પાડી અને ફોટોલાઇન લખીને મોકલી આપવા જેટલું સીમિત હતું. હવે બધું બદલાઈ ગયું છે, મલ્ટિ-મીડિયા ડિજિટલાઇઝેશન આવી ગયું એટલે હવે અમે ફોટા પાડીએ, સાથે ટેક્સ્ટ પણ આપીએ અને વીડિયો પણ કરીએ. એટલે એક આખું મોટું પરિવર્તન આવી ગયું છે. બીજું કે એ વખતે સમય પણ ઘણો લાગતો, સાંજે ચાર વાગ્યા પછી ફોટા નહોતા પાડી શકાતા, કારણ કે ફોટા ડેવલપ કરતાં ચાર-પાંચ કલાક લાગી જતા.

- ***તમે કહ્યું કે ડિજિટલ યુગ આવ્યો એને કારણે ફોટો-જર્નાલિઝમ ઘણી રીતે બદલાયું છે. લેખનમાં પત્રકારના અંગત વિચારો એમણે તૈયાર કરેલી સ્ટોરી પર અસર કરતા હોય એમ બને. આવી અંગતતા ફોટો-જર્નાલિઝમમાં પ્રવેશી શકે ખરી? તમે હમણાં જ કહ્યું કે હવે ફોટા સાથે તમારે ટેક્સ્ટ પણ આપવાની હોય છે.***

હું એક વસ્તુ ચોક્કસ કહીશ કે કોઈ પણ વસ્તુ આપણને ગમતી હોય અથવા અણગમતી હોય, છતાં એને તટસ્થભાવે એક સમાચારની દૃષ્ટિએ જોવી જોઈએ. એમ ન થાય તો નિષ્પક્ષ રીતે ઘટનાની રજૂઆત નથી થતી. હું એને એ રીતે જોઉં છું.

- ***તમે જોયેલી કઈ ઘટના છે જેની તમારા પર ચિરંજીવ છાપ પડી છે? તમે અનેક દંગલો, રમખાણો, સુનામી, ભૂકંપ જેવી ઘટનાઓ વખતે તમારા કેમેરા સાથે હાજર હતા.***

૨૦૦૩માં સુરેન્દ્રનગર જિલ્લાના એક ગામમાં પાણીની ખૂબ જ તકલીફ હતી. એક સામાન્ય છાપામાં એક કૉલમની એક નાનકડી મેટર છપાઈ હતી એનાથી મેં જાણ્યું. મેં તપાસ કરાવી અને પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે ગામમાં ટેન્કર આવે અને લોકો એમાંથી પાણી ભરી લે છે. એ વખતે ઇન્ટરનેટનો જમાનો તો નહોતો. એક દિવસ હું અમદાવાદથી સવારે પાંચ વાગ્યે નીકળી ગયો અને લગભગ આઠ-સાડા આઠે હું ત્યાં પહોંચી ગયો. સાંજે લગભગ ચાર વાગ્યા સુધી હું ત્યાં બેસી રહ્યો. અને ચાર વાગ્યે જેવું ટેન્કર આવ્યું કે આખું ગામ, લગભગ હજાર લોકો કૂવાની આસપાસ ભેગા થઈ ગયા. એના ફોટોગ્રાફ તે દિવસે મેં તૈયાર કરીને મોકલ્યા અને દેશનાં

તેમજ દુનિયાનાં પેપરોમાં એ ફોટોગ્રાફ પહેલા પાને છપાયો હતો. ત્યારપછી તરત જ સરકારે પગલાં લઈને એ ગામમાં પાણીની વ્યવસ્થા કરી. અત્યારે એ ગામમાં પાણીની કોઈ તકલીફ નથી. એટલે હું ધન્યતા અનુભવું છું કે એ ગામનો પીવાના પાણીનો મોટો પ્રશ્ન હતો એ ઉકલી ગયો.

- ***ફોટો-જર્નાલિઝમ એ પત્રકારત્વની એક માન્ય શાખા હોવા છતાં આપણા દેશનાં છાપાં ફોટોગ્રાફીની દૃષ્ટિએ કંગાળ લાગે છે. એવું કેમ?***

કંગાળ નથી. પણ હવે એવું છે કે ટેક્સ્ટ પર વધારે ભાર મુકાવા લાગ્યો છે, સાથેસાથે ઘણાં કારણસર ફોટોગ્રાફરની નોકરીઓ પણ દિવસે દિવસે ઘટી રહી છે, કારણ કે ડિજિટલાઇઝેશન આવ્યું છે, સોશિયલ મીડિયા ખૂબ વપરાય છે. બાકી કંગાળ તો નથી, કારણ કે ફોટોગ્રાફરો તો ખૂબ મહેનત કરે છે. પણ હું એટલું જરૂર કહીશ કે દરેક ફોટો જર્નાલિસ્ટે પોતે પણ અમુક રીતે બદલાવું જરૂરી છે. એણે નવા એન્ગલ શોધવા પડે, નવા ન્યૂઝ જોવા પડે. દાખલા તરીકે ગરમીની વાત કરીએ તો એમાં એક જ વસ્તુ આવે કે પાણીની તંગી હોય અને એમાં પાણી ભરતા લોકો દેખાય, કે રસ્તા સૂમસામ થઈ ગયા છે, વગેરે. પણ હવે સમય બદલાય એની સાથે એને માટે નવું વિચારવું જોઈએ.

- ***તમને સૌથી વધુ કેવા પ્રસંગો અથવા ઘટનાઓના ફોટા પાડવા ગમે? તમે ક્યાંક એવું પણ કહેલું કે તમને ખેલકૂદના ફોટા પાડવા સૌથી વધારે ગમે છે. એ રસ ક્યાંથી આવ્યો?***

એમાં એવું છે કે સ્પોર્ટ્સમાં એક રોમાંચ હોય છે. એમાં દરેકેદરેક ક્ષણે કંઈ નવું બનતું હોય છે. અને જે ક્ષણે એક એક્શન થાય એ ફરી કદી એ જ સ્વરૂપે બનતી નથી. એટલે સતત તમારું ધ્યાન અને એકાગ્રતા તમારા કેમેરા પ્રત્યે હોવાં જોઈએ ત્યારે જ તમે સ્પોર્ટ્સ ફોટોગ્રાફી કરી શકો છો. એટલે મને એ ગમે છે.

- ***અમિતભાઈ, દરેક ફોટોગ્રાફર ફોટો જર્નાલિસ્ટ ન થઈ શકે. એ બનવા માટે શું જરૂરી છે? અને શું એને માટે આપણે ત્યાં પદ્ધતિસરની તાલીમ આપવામાં આવે છે?***

હવે અત્યારના જમાનામાં એવું કહેવાય કે જેની પાસે એક સારો સ્માર્ટ ફોન હોય એ ફોટો જર્નાલિસ્ટ છે. પણ એમાં દરેકે પોતાની એક દૃષ્ટિ કેળવવી

જરૂરી છે. ધારો કે એક મકાનમાં આગ લાગી છે, અને લોકોનું બચાવકાર્ય થઈ રહ્યું છે, ફાયરબ્રિગેડ આવે છે અને આ ઘટના ઘણા લોકો જોતા હોય છે. હવે બધા પાસે સ્માર્ટ ફોન હોય એટલે બધા પોતપોતાની રીતે એને કેમેરામાં કેદ કરતા હોય. પણ એમાં જે જોવાનું છે તે એ કે સારો ઍંગલ કયો છે.

- ***સ્વાયત્તતા એ માધ્યમો માટે મહત્ત્વનો મુદ્દો છે. પોતાની સ્વતંત્રતા જાળવીને તટસ્થ રિપોર્ટિંગ કરવું એ પત્રકારત્વનો આદર્શ છે. એક ફોટો-જર્નાલિસ્ટને આ પ્રશ્નનો સામનો કરવાનો ક્યારેય આવે છે?***

હા, એનો સામનો કરવાનો આવે છે ક્યારેક. એની પાછળ ઘણાંબધાં કારણો હોય છે. એવું છે કે ફોટો જર્નાલિસ્ટ ઉમદા કામ કરીને પોતાની જાતે સારા ફોટા લાવતો જ હોય છે, પણ ઘણી વાર એવું બને છે કે એ ફોટા પ્રગટ નથી થતા અને એની પાછળ ઘણાં કારણો હોય છે.

- ***આપણે આ મુલાકાતનું સમાપન તમારી કારકિર્દીના સૌથી યાદગાર અનુભવથી કરીએ.***

૨૦૦૪-૨૦૦૫માં જ્યારે સુનામી આવી ત્યારે હું નાગાપટ્ટનમમાં હતો અને કવરેજ કરતો હતો. ત્યારે એવું બન્યું કે બે નાનાં બાળકો, જે માછીમાર કોમનાં હતાં, એ દરિયાકિનારે રોજ બેસી રહેતાં હતાં. મેં બે-ત્રણ દિવસ જોયા કર્યું કે આ બાળકો અહીં કેમ બેસી રહે છે. પછી ભાષાનો પ્રશ્ન નડે એટલે સીધી વાત તો થઈ ન શકે. એટલે મેં મારા ડ્રાઇવરને કહ્યું કે આ બાળકોને પૂછો કે એ લોકો અહીં કેમ બેસી રહે છે. ત્યારે એમણે એમની ભાંગી-તૂટી ભાષામાં વાત કરી કે એમનાં મા-બાપનો કોઈ પત્તો નથી. મેં ત્યાંના અધિકારીને એ વિશે વાત કરી. ત્યારપછી કલેક્ટર ઓફિસના કર્મચારીઓ આવીને એ બાળકોને લઈ ગયા અને એમને અનાથાશ્રમમાં મૂક્યાં, એમને સારું ખાવાનું મળે અને એમના આઘાતમાંથી બહાર આવે એ માટે કાઉન્સેલિંગ શરૂ થયું. હું ત્યાં ૨૦-૨૨ દિવસ હતો અને મને જ્યારે સમય મળે ત્યારે એ છોકરાંઓ પાસે જતો અને મેં જોયું કે એમનામાં ઘણો સુધારો આવતો હતો. પછી અમદાવાદ આવ્યા પછી પણ હું એમની ખબર રાખતો હતો અને મને જાણવા મળ્યું કે એ લોકો સ્કૂલે જવા માંડ્યાં હતાં. એટલે મને બહુ આનંદ થયો કે ફોટા પાડતાં પાડતાં આવું એક સારું કામ હું કરી શક્યો.